રામનો વનવાસ અને સીતાનું સહગમન.

પતિપરાયણતા

અને

પ્રેમનું માહાત્મ્ય.

અથવા

દમ્પતીધર્મસૂત્ર.

પ્રકાશક,

[illegible]

[illegible]

સુબોધમાળા નં० ૧ પ્ર. ૧૦૦૦

સુબોધિની પ્રેસમાં વૈદ્ય ભગવાનલાલ ત્રીભુવને માલેકને માટે છાપ્યું.
બજારગેટ કોટ, મુંબઇ.

કીમત ૪ આના.

પ્રસ્તાવના.

—:o:—

જગતમાં ગદ્ય અને પદ્ય રચનાનાં અનેક ગ્રન્થો અનેક ભાષામાં છે. પણ આચરણની પવિત્રતા, વિશુદ્ધિ, શ્રેષ્ઠતા, સુંદરતા, અને ધર્મયુક્ત માધૂર્યથી પરમપાવન જીવન ચરિત્રોમાં, મનોહરતા, છન્દ રચના અને મનુષ્ય સ્વભાવનું આબેહુબ વર્ણન આપવાની શૈલીમાં, વાલ્મીકી રામાયણની બરાબરી કરી શકે એવો એક પણ ગ્રન્થ આ દુનીયામાં મળવો મુશ્કેલ છે. વૈદિક ધર્મના ઉચ્ચ ભાવો, અને પ્રાચીન આર્યોના ઉચ્ચ જીવનના જે આદર્શ આ રામાયણમાં ચિતરવામાં આવેલ છે તેવા દુનીયાના બીજા કોઇ પણ દેશના સાહિત્યમાં કોઇ પણ સ્થળે મળવા અશક્યજ છે. રામાયણની કવિતા, પોતાના પ્રબળ પ્રભાવ, અને ધર્મ તથા નીતિની ઉત્તમ શીક્ષાથી એવી તો સચોટ છાપ મનુષ્ય હૃદયપર પાડે છે કે જે કદી દૂર થઇ શકતિજ નથી. મનુષ્યની ઉત્કૃષ્ટતાના ભૂષણ રૂપ સમગ્ર ગુણો, રામાયણના મનન પુર્વક અધ્યયનથી આપણી સન્મુખ ખડા થઇ હમેશાં આપણા જીવનને ઉચ્ચ દિશા તરફ પ્રેરે છે. રાજા દશરથનું વચનાનુપાલન, કૌશલ્યા તેમજ દશરથનો વાત્સલ્ય પ્રેમ, રામચંદ્ર લક્ષ્મણ અને ભરતાદિનો અરસ્પરસનો અખુટ ભ્રાતૃસ્નેહ, રામચંદ્રનું એક બાણ, એક વચન અને દુનીયામાં સૌથી પ્રસિદ્ધ થયેલ એક પતિવ્રત, તથા સીતાની અનુપમ પતિપરાયણતા અને પતિભક્તિનો પ્રેમમય પાવન પ્રવાહ, વિનય, ધૈર્ય, સહનશીલતા અને શીયલાદિ ઉત્તમોત્તમ ગુણોના દિવ્ય નમુના, મહાન કવી વાલ્મીકિની રચના સિવાય અન્ય ક્યાં મળી શકે તેમ છે? રામાયણના આવા અનેક ઉચ્ચ ભાવ અને ઉત્તમ સાહિત્ય રસથી પૂર્ણ દૃષ્ટાન્તોમાંથી આ પ્રસંગે માત્ર અમે "પતિપરાયણતા અને પ્રેમનું પ્રાબલ્ય" એ મથાળા નીચે રામનો વનવાસ અને સીતા સાથે થયેલા તેના ધર્મ અને યુક્તિ યુક્ત સંવાદ, કે જેના પરિણામે રામચંદ્રે વનનાં દુઃખોના વિચારને પણ બાજુપર મુકી અનહદ પ્રેમ અનુપમ સ્વાર્થત્યાગ અને અનન્ય ભક્તિને આધીન થઇ સીતાને પોતાની સાથે વનમાં સહધર્મચરી 'જેવી રીતે પ્રેમ પુર્વક બનાવી, તે પ્રસંગનું માત્ર ટુંક વર્ણન જન સમુહ સન્મુખ રજુ કર્યું છે" આપણા દેશનાં સમજુ

અને યુવાન વર્ગમાં તેમજ કુલીન સ્ત્રી વર્ગમાં અને ખાસ કરી કન્યા શાળાઓના વાર્ષિક મેળાવડા અને લગ્નાદિના ઉત્સવ પ્રસંગે, આવા પ્રકારનાં નાના પુસ્તકો ઇનામ, ભેટ, કે ઉપહાર તરીકે આપવાની પ્રથા આપણા દેશમાં પ્રચલીન થાય અને તેને પરિણામે આપણ પ્રાચીન આર્યોનાં ઉચ્ચ ભાવોનું પ્રદીપન થઇ ફરીથી આપણું પ્રજાકીય ધાર્મિક નૈતિક અને આત્મિક જીવન પ્રાપ્ત કરવામાં સહાયભૂત થાય એવી ઇચ્છાથી આ અલ્પ પ્રયત્નને પ્રજા સન્મુખ મુકનાર—હું છું

આપંનો નમ્ર સેવક,

જી. જી. મહેતા:



अहं गमिष्यामि महावनं प्रिये त्वया हि वस्तव्यमिहैव भामिनि ।
यथा व्यलीकं कुरुषे न कस्यचित् तथा त्वया कार्यमिदं वचो मम ॥

(રામનો વનવાસ અને સીતાનું સહગમન.)

पतिपरायणता

अने

प्रेमनुं प्राबल्य

अथवा

दम्पती धर्मसूत्र.

"अभिषेको यदा सज्जः किमिदानीमिदं तव ।
अपूर्वो मुखवर्णश्च न प्रहर्षश्च लक्ष्यते" ॥
आह दुःखाभिसंतप्ता " किमिदानीमिदं प्रभो ! "

જ્યાં રાજ્યાભિષેકની તૈયારી હતી ત્યાં આ તમને શું થયું, આજે અપૂર્વ કદી ન જોયેલ અને હર્ષ રહિત મુખાકૃતિ તથા વર્ણ કેમ જણાય છે? દુઃખથી સંતપ્ત થઇ સીતાએ કહ્યું પ્રભુ! આજે આ શું થઇ ગયું છે?

वा. रा. स, २६ व २७ अ. काण्ड.

सीतानो मेलाप अने वनवासनी तैयारी.

इतीव विलपन्तीं तां प्रोवाच रघुनन्दनः

सीते तत्र भवांस्तात प्रव्राजयति मां वनम् ॥
कुले महति संभूते धर्मज्ञे धर्मचारिणि ।
शृणु जानकि येनेदं क्रमेणाभ्यागतं मम ॥
राज्ञा सत्यप्रतिज्ञेन पित्रा दशरथेन वै ।
कैकेय्यै मम मात्रे तु पुरा दत्तौ महावरौ ॥
तयाद्य मम सज्जेऽस्मिन् अभिषेके नृपोद्यते ।
प्रचोदितः स समयो धर्मेण प्रतिनिर्जितः ॥
चतुर्दश हि वर्षाणि वस्तव्यं दण्डके मया ।
पित्रा मे भरतश्चापि यौवराज्ये नियोजितः ॥
सोऽहं त्वामागतो द्रष्टुं प्रस्थितो विजनं वनम् ।
तस्मै दत्त नृपतिना यौवराज्यं सनातम्
स प्रसाद्यस्त्वया सीते नृपतिश्च विशेषतः ॥
अहं चापि प्रतिज्ञां तां गुरोः समनुपालयन् ।
वनमद्यैव यास्यामि स्थिरीभव मनस्विनी ॥
याते च मयि कल्याणि वनं मुनिनिषेवितम् ।
व्रतोपवासपरया भवितव्यं त्वयानघे ॥
कल्यमुत्थाय देवानां कृत्वा पूजां यथाविधि ।
वन्दितव्यो दशरथः पिता मम जनेश्वरः ॥
माता च मम कौशल्या वृद्धा सन्तापकर्शिता ।
धर्ममेवाग्रतः कृत्वा त्वत्तः संमानमर्हति ॥
वन्दितव्याश्च ते नित्यं याः शेषा मम मातरः ।
स्नेहप्रणयसंभोगैः समा हि मम मातरः ॥
भ्रातृपुत्रसमौ चापि द्रष्टव्यौ च विशेषतः ।
त्वया भरतशत्रुघ्नौ प्राणैः प्रियतरौ मम ॥

રામ અને સીતાનો મેળાપ તથા વનવાસ માટે તૈયારી.

૧ આવી રીતે વિલાપ કરતી સીતાને રઘુનન્દન રામે કહ્યું કે હે સીતા પૂજ્ય પિતાશ્રી મને વનમાં મોકલે છે.

૨ હે મહાન કુલમાં ઉત્પન્ન થયેલ, ધર્મને જાણનારી, ધર્મનું આચરણ કરનાર, જનકની પુત્રી, મેં જે વૃતાંત બન્યું છે તે સાંભળ.

૩ સત્ય પ્રતિજ્ઞાયુક્ત રાજા દશરથે મારી માતા કૈકેયીને પુર્વે બે વરદાન આપ્યાં હતાં.

૪ પણ જ્યારે રાજા આજ મારો અભિષેક કરાવવા તત્પર થયા છે ત્યારે તેણે તે વખતની યાદ આપીને ધર્મથી તેને જીતિ લીધા છે.

૫ હવે મારે (પરિણામે) ચૌદ વર્ષ દણ્ડકારણ્યમાં વસવું જોશે અને યૌવરાજ્યમાં મારા પિતાએ ભરતને નિયુક્ત કરેલ છે.

૬ હું (હવે) વિજનવનમાં જવાને તૈયાર થયેલ છું અને તમને મળવા આવ્યો છું. સનાતન યૌવરાજ્ય પિતાએ હવે તેને અર્પણ કર્યું છે તેથી હે સીતે, તારે તેને અને ખાસ કરીને રાજાને પ્રસન્ન રાખવા.

૭ વળી હું ગુરૂજનની પ્રતિજ્ઞાનું પાલન કરવા આજેજ વનમાં જઇશ, માટે હે મનસ્વિ સ્થિર થા.

૮ મુનીગણથી સેવિત વનમાં ગયા પછી હે કલ્યાણી, નિષ્પાપ (અનઘે) તારે વ્રત અને ઉપવાસ પરાયણ રહેવું.

૯ નિત્ય પ્રાતઃકાલે ઉઠીને દેવોની યથાવિધિ પૂજા કરીને મારા પિતા જનાધિપ દશરથને વન્દન કરવું.

૧૦ વળી સંતાપથી કૃશ થયેલ મારી વૃદ્ધ માતા કૌશલ્યા ધર્મને આગળ ધરીને તારે સંમાન આપવા યોગ્ય છે.

૧૧ મારી જે શેષ માતાઓ છે તેઓને પણ તારે હમેશાં વન્દન કરવું કારણ કે સ્નેહ, પ્રણય અને સેવાના કારણથી મારી બધી માતાઓ એક સમાન છે

૧૨ વળી મારા ભાઇ ભરત અને શત્રુઘ્ન જે મને પ્રાણથી પણ પ્યારા છે તેને તારે ખાસ કરી ભાઇ અને પુત્ર સમાન ગણવા.

विप्रियं न च कर्तव्यं भरतश्च कदाचन् ।
स हि राजा च वैदेहि देशस्य च कुलस्यच ॥
अहं गमिष्यामि महावनं प्रिये
त्वया हि वस्तव्यमिहैव भामिनि ।
यथा व्यलीकं कुरुषे न कस्यचित्
तथा त्वया कार्यमिदं वचो मम ॥

सीतानी इच्छा अने अभ्यर्थना——

एवमुक्ता तु वैदेही प्रियार्हा प्रियवादिनी ।
प्रणयादेव संक्रुद्धा भर्तारमिदमब्रवीत् ॥
किमिदं भाषसे राम वाक्यं लघुतया ध्रुवम् ।
त्वया यदपहास्यं मे श्रुत्वा नरवरात्मज ॥
आर्यपुत्र ! पिता माता भ्राता पुत्रस्तथा स्नुषा ।
स्वानि पुण्यानि भुञ्जानाः स्वं स्वं भाग्यमुपासते ॥
भर्तुर्भाग्यं तु नार्येका प्राप्नोति पुरुषर्षभ ।
अतश्चैवाहमादिष्टा वने वस्तव्यमित्यपि ॥
* न पिता नात्मजो वात्मा न माता न सखीजनः ।
इह प्रेत्य च नारीणां पतिरेको गतिः सदा ॥
यदि त्वं प्रस्थितो दुर्गं वनमद्यैव राघव ।
अग्रतस्ते गमिष्यामि मृद्नन्ती कुशकण्टकान् ॥
प्रासादाग्रे विमानैर्वा वैहायसगतेन वा ।
सर्वावस्थागता भर्तुः पादच्छाया विशिष्यते ॥
अनुशिष्टास्मि मात्रा च पित्रा च विविधाश्रयम् ।
नास्मि सम्प्रति वक्तव्या वर्तितव्यं यथा मया ॥
अहं दुर्गं गमिष्यामि वनं पुरुषवर्जितम् ।
नानामृगसमाकीर्णं शार्दूलवृकसेवितम् ॥

૧૩ વળી ભરતનું કદી પણ અપ્રિય નજ કરવું કારણ કે હે વૈદેહિ! તે દેશનો તથા કુળનો રાજા છે.

૧૪ હે પ્રિયે! હું વનમાં જાઉં છું, હે ભામિનિ! તારે (હવે) અહિંજ રહેવાનું છે. અને જેમ તારાથી કોઇ પણ કચવાય નહિં તેમ વર્તી આ પણ મારૂં કહેવું પાળજે.

સીતાની ઇચ્છા અને ામને વિનતિ.

૧ પ્રિય બોલવા વાળી અને પ્રિય બોલવા યોગ્ય સીતાને જ્યારે આ પ્રમાણે કહેવામાં આવ્યું ત્યારે તે અતિ પ્રેમથી ક્રોધીત થઇ પોતાના સ્વામીને કહેવા લાગી.

૨ રામ, આપ ખરેખર હલકું વાક્ય બોલો છો. હે નરવરાત્મજ કે જે વાક્યને સાંભળી મને ઓછું આવે છે.

૩ હે આર્ય પુત્ર, પિતા, માતા, ભાઇ, પુત્ર અને સ્નુષા પોત પોતાનાં પુણ્યકર્મથી પોતપોતાનાં ભાગ્યને ભોગવે છે.

૪ પરંતુ હે પુરૂષવર, માત્ર સ્ત્રીજ પોતાના ભર્તારના ભાગ્યને પ્રાપ્ત થાય છે અને વળી "વનમાં વસવું જોઇશે" એમ મને પણ આજ્ઞા આપવામાં આવેલ છે.

૫ આ લોક અને પરલોકમાં પિતા, પુત્ર, માતા સખીજન અને પોતે પણ કંઇ કામ નથી આવતાં; પણ સ્ત્રીની પતિ એજ હમેશાં એક ગતિ છે.

૬ હે રામ, જો તમે આજજ દુર્ગમવનમાં જવા તૈયાર છો, તો હું આપની આગળ કુશ અને કાંટા વિગેરેનું મર્દન કરતી ચાલીશ.

૭ મહેલમાં, વિમાનમાં કે આકાશ માર્ગમાં, સર્વ સ્થળે સ્ત્રીને માટે પોતાના ભર્તારની પાદચ્છાયાજ ઉત્તમ છે.

૮ મારી માતા તથા પિતાએ ભિન્ન ભિન્ન સ્થીતિને સમયના વિષયમાં શીખામણ આપેલી છે, જેથી હવે મારે કેવી રીતે વર્તવું એ કહેવાની જરૂર પડે તેમ નથી.

૯ હું મનુષ્યથી વર્જીત, નાના મૃગગણોથી ભરપુર, ચિત્તા અને વૃકાદિથી સેવિત દુર્ગમવનમાં સાથે આવીશ.

सुखं वने निवत्स्यामि यथैव भवने पितुः ।
अचिन्तयन्ती त्रींल्लोकांश्चिन्तयन्ती पतिव्रतम् ॥
शुश्रूषमाणा ते नित्यं नियता ब्रह्मचारिणी ।
सह रंस्ये त्वया वीर वनेषु मधुगन्धिषु ॥
त्वं हि कर्तुं वने शक्तो राम संपरिपालनम् ।
अन्यस्यापि जनस्येह किं पुनर्मम मानद ॥
साहं त्वया गमिष्यामि वनमद्य न संशयः ।
नाहं शक्या महाभाग निवर्तयितुमुद्यता ॥
फलमूलाशना नित्यं भविष्यामि न संशयः ।
न ते दुःखं करिष्यामि निवसन्ती त्वया सदा ॥
अग्रतस्ते गमिष्यामि भोक्ष्ये भुक्तवति त्वयि ॥
इच्छामि सरितः शैलान् पल्वलानि सरांसि च ।
द्रष्टुं सर्वत्र निर्भीता त्वया नाथेन धीमता ॥
हंसकारण्डवाकीर्णाः पद्मिनीः साधुपुष्पिताः ।
इच्छेयं सुखिनी द्रष्टुं त्वया वीरेण संगता ॥
अभिषेकं करिष्यामि तासु नित्यमनुव्रता ।
सह त्वया विशालाक्ष रंस्ये परमनन्दिनी ॥
*स्वर्गेऽपि च विना वासो भविता यदि राघव ।
त्वया विना नरव्याघ्र नाहं तदपि रोचये ॥

*अहं गमिष्यामि वनं सुदुर्गमम्
मृगायुतं वानर वारणैश्च ।
वने निवत्स्यामि यथा पितुर्गृहे
तवैव पादावुपगृह्य संमता ॥
अनन्यभावामनुरक्तचेतसं
त्वया वियुक्तां मरणाय निश्चिताम् ।
नयस्व मां साधु कुरुष्व याचनां
नातो मया ते गुरुता भविष्यति ॥

૧૦ હું મારા પિતાને ઘેર જેવી રીતે રહેતી હતી તેમજ વનમાં સુખથી રહિશ, અને ત્રણે લોકની પરવા કર્યા વિના માત્ર પતિવ્રતનુંજ ચિંતન કરીશ

૧૧ હે વીર, હમેશાં આપની સેવા શુશ્રુષા કરતી, નિયતાબ્રહ્મચારિણી થઇ, મન્ધુગન્ધી યુક્ત વનમાં આપની સાથે રમીશ.

૧૨ હે રામ, તમે વનમાં અન્ય લોકોનું જયારે રક્ષણ કરવા સમર્થ છો તો હે માનદ ! મારે માટે તો શુંજ કહેવું ?

૧૩ આજ હું આપની સાથે જરૂર વનમાં આવીશ. એમાં બીલકુલ સંશય નથી અને હે મહાભાગ, મને તૈયાર થયેલને હવે કોઇ રોકી શકનાર નથી.

૧૪ ફળ અને મુળનો ખોરાક હવે હમેશાં લેતી થઇશ એ નિઃસંશય છે અને આપની સાથે રહેતાં છતાં આપને કંઇ દુઃખ કરીશ નહિં. આપની આગળ આગળ ચાલીશ, આપના ભોજન કરી રહ્યા પછી ભોજન લઇશ.

૧૫ આપ બુદ્ધિમાન સ્વામીની સાથે સર્વત્ર નિર્ભય થઇ નદી, પર્વત, તળાવ, અને વનાદિને જોવાની મારી ઇચ્છા છે.

૧૬ હંસ બતકથી છવાયેલ નદીમાં સુંદર પુષ્પ વાળી પદ્મીની વીગેરે આપ વીરની સાથે સુખપુર્વક જોવા હું ઇચ્છું છું.

૧૭ તેમાં હું હમેશાં વ્રતયુક્ત થઇ સ્નાન કરીશ. હે વિશાલાક્ષ આપની સાથે પરમ આનન્દ પુર્વક રમણ કરીશ.

૧૮ આપના વિના હે રામ, સ્વર્ગમાં પણ વાસ હોય તો તેથી પણ હું ખુશ થનાર નથી.

૧૯ મૃગ વાનર અને હસ્તીઓથી યુક્ત મહા દુર્ગમ વનમાં હું આપની સાથે આવીશ.

અને પિતાના ઘરની માફકજ વનની અંદર પણ આપના ચરણની સેવા કરતી સંયમથી રહીશ.

૨૦ જેની ભાવના આપને છોડી અન્યમાં નથીજ, જેનું ચિત્ત આપનામાંજ પ્રીતિયુક્ત છે. આપથી વિખુટી પડી મરવાનો જેણે નિશ્ચય કરેલો છે, એવી મને આપ સાથે લઇ જાઓ, મારી માગણી સ્વીકારો, મારા આવવાથી આપને કાંઇ બોજો નથી થવાનો

—— :૦: ——

वनवासनां दुःखो अने रामचंद्रनो उपदेश--

स एवं ब्रुवतीं सीतां धर्मज्ञां धर्मवत्सलः ।
न नेतुं कुरुते बुद्धिं वने दुःखानि चिन्तयन् ॥
सान्त्वयित्वा ततस्तांस्तु बाष्पदूषितलोचनाम् ।
निवर्तनार्थे धर्मात्मा वाक्यमेतदुवाच ह ॥
* सीते! महाकुलीनासि धर्मे च निरता सदा ।
इहाचरस्व धर्मं त्वं यथा मे मनसः सुखम् ॥
सीते विमुच्यतामेषा वनवासकृता मतिः ।
बहुदोषं हि कान्तारं वनमित्यभिधीयते ॥
हितबुद्ध्या खलु वचो मयैतदभिधीयते ।
सदा सुखं न जानामि दुःखमेव सदा वनम् ॥
गिरिनिर्झरसंभूतां गिरिनिर्दरिवासिनाम् ।
सिंहानां निनदा दुखं श्रोतुं दुःखमतो वनम् ॥
मग्राहाः सरितश्चैव पङ्कवत्यस्तु दुस्तराः ।
मत्तैरपि गजैर्नित्यं अतो दुःखतरं वनम् ॥
लताकण्टकसंकीर्णाः कृकवाकूपनादिताः ।
निरपाश्च सुदुःखाश्च मार्गा दुःखमतोवनम् ॥
सुप्यते पर्णशय्यासु स्वयं भग्नासु भूतले ।
रात्रिषु श्रमखिन्नेन तस्माद्दुःखतरं वनम् ॥
अहोरात्रं च संतोषः कर्तव्यो नियतात्मना ।
फलैर्वृक्षावपतितैः सीते दुःखमतो वनम् ॥
अतीव वातस्तिमिरं बुभुक्षा चास्ति नित्यशः ।
भयानि च महान्त्यत्र अतो दुखतरं वनम् ॥
पतङ्गा वृश्चिकाः कीटा दंशाश्च मशकैः सह ।
बाधन्ते नित्यमबले! सर्वं दुःखमतोवनम् ॥

વનવાસના દુઃખો અને સીતાને રામચંદ્રનો ઉપદેશ

૧ આવી રીતે કહેતી ધર્મજ્ઞા સીતાને ધર્મવત્સલ રામને વનના દુઃખોનું ચિંતન કરતાં વનમાં લઈ જવાનો વિચાર ન થયો.

૨ બાષ્પથી દુષિત લોચનવાલી તેને પછી શાંત પાડીને તેને રોકવા માટે ધર્માત્મા રામ આ પ્રમાણે બોલ્યા.

૩ સીતા, તું મહા કુલીન છે. વળી હમેશાં ધર્મમાં નિરત છે. તું અહિં રહીજ ધર્મનું આચરણ કર. કે જેથી મારા મનને સુખ વળે.

૪ સીતા, વનવાસ કરવાના એ વિચારને મુકી દે. કારણ કે સ્ત્રીઓ માટે વનવાસ બહુ દોષપૂર્ણ છે એમ કહેવાય છે

૫ હિત બુદ્ધિથી હું આ વચન તને કહું છું. વનમાં કદી સુખ નથીજ પણ વનવાસ સદા દુઃખ રૂપજ છે. એ હું જાણુંછું.

૬ પર્વતોની કંદરોમાં રહેવાવાળા સિંહોની પર્વતની હારોમાં પડઘો પાડતી ગર્જનાઓને સાંભળવી એ દુઃખ છે. જેથી વન દુઃખ રૂપજ છે.

૭ ગ્રાહયુક્ત અને પંકથી પૂર્ણ નદીઓ જે મદમસ્ત હાથિઓથી પણ તરવી દુસ્તર છે, તેવી ત્યાં હમેશાં હોય છે. એટલા વાસ્તે વન દુઃખ રૂપજ છે.

૮ વેલા અને કાંટાથી ભરપૂર જંગલી કુંકડાઓથી ગાજી રહેલ નિર્જન માર્ગો બહુજ દુઃખદાઇ હોય છે. એટલા વાસ્તે વન દુઃખ રૂપ છે.

૯ રાત્રીને વખતે શ્રમથી થાકયા પછી પૃથ્વી ઉપર પોતાને હાથે બનાવેલી પોતાની મેળે ખરેલ શુષ્ક પાંદડાંની પથારી ઉપર હમેશાં સુવું પડે છે. અને તેટલા માટે વન દુઃખ રૂપ છે.

૧૦ નિયતાત્મા થઇ પ્રતિરાત્રે પોતાની મેળે ખરેલાં ફળોથી નિર્વાહ કરી સંતોષ માનવો પડે છે. એથી હે સીતા ! વન દુઃખ રૂપ છે.

૧૧ બહુ સખ્ત પવન, ગાઢ અંધારૂં અને હમેશાં ક્ષુધા તો બનીજ રહે છે અને મહાન ભય પણ અહિં હોય છે. એથી વન દુઃખ રૂપજ છે.

૧૨ કીટ પતંગ વિંછી, ડાંસ અને મચ્છરાદિ હમેશાં પજવે છે. તેથી હે અબળા--સર્વ રીતે વન દુઃખ રૂપ છે.

द्रुमाः कण्टकिनश्चैव कुशाः काशाश्च भामिनि ।
वने व्याकुलशाखाग्राः तेन दुःखमतो वनम् ॥
तदलं ते वनं गत्वा क्षेमं नहि वनं तव ।
विमृशन्निव पश्यामि बहुदोषकरं वनम् ॥

सीतानो आग्रह अने दुःखोनी अवगणना.

एतत्तु वचनं श्रुत्वा सीता रामस्य दुःखिता ।
प्रसक्ताश्रुमुखी मन्दमिदं वचनमब्रवीत् ॥
ये त्वया कीर्तिता दोषा वने वस्तव्यतां प्रति ।
गुणानित्येव तान्विद्धि तव स्नेहपुरस्कृतान् ॥
मृगाः सिंहा गजाश्चैव शार्दुलाः शरभास्तथा ।
चमराः सृमराश्चैव ये चान्ये वनचारिणः ॥
अदृष्टपूर्वरुपत्वात् सर्वे ते तव राघव ।
रूपं दृष्ट्वा प्रसर्पेयुः भये सर्वे हि बिभ्यति ॥
त्वया च सह गन्तव्यं मया गुरुजनाज्ञया ।
त्वद्वियोगेन ते राम त्यक्तव्यमिह जीवितम् ॥
वनवासे हि जानामि दुःखानि बहुधा किल ।
प्राप्यन्ते नियतं वीर पुरुषैरकृतात्मभिः ॥
कृतक्षणाहं भद्रं ते गमनं प्रति राघव ।
वनवासस्य शूरस्य चर्या हि मम रोचते ॥
शुद्धात्मन्प्रेमभावाद्धि भविष्यामि विकल्मषा ।
*भर्तारमनुगच्छन्ती भर्ता हि मम दैवतम् ॥
प्रेत्य भावे हि कल्याणः संगमो मे सदा त्वया ।
श्रुतिर्हि श्रूयते पुण्या ब्राह्मणानां तपस्विनाम् ॥
इह लोके च पितृभिः या स्त्री यस्य महाबल ।
अद्भिर्दत्ता स्वधर्मेण प्रेत्य भावेऽपि तस्य सा ॥

૫ ૩૪૧

૧૩ હે ભામિનિ, વનમાં કાંટાવાળાં ઝાડો અને તેની શાખાઓ તથા કુશકાશાદિ એક બીજામાં અટવાયેલ હોય છે જેથી વન દુઃખ રૂપ છે.

૧૪ આટલા વાસ્તે વનમાં આવવું તારે માટે યોગ્ય નથી. વિચાર કરતાં કરતાં મને વન બહુ દોષ વાળું જણાય છે. માટે વનમાં આવવાનું રહેવાજ છે.

વનવાસનાં દુઃખોની અ ગણનાં અને વન્ય સહવાસ માટે સીતાનો આગ્રહ.

૧ રામચંદ્રનું આ વચન સાંભળી દુઃખીત થયેલ અને આંખ માંથી અશ્રુધારા વહન કરતી સીતાએ ધીમેથી નીચેનાં વાકયો રામને કહ્યાં.

૨ વનવાસના વિષયમાં આપે જે જે દોષો જણાવ્યા છે, તેને તો આપના સ્નેહની આગળ સરખાવતાં ગુણોજ જાણો ?

૩ મૃગ, સિંહ, હાથી, ચીત્તા, શરભ, ચમર, સૃમર અને બીજાં વનચર પ્રાણીઓ.

૪ પ્રથમ કદી નહીં જોયેલ આપના સ્વરૂપને જોઇ ભાગી જશે કારણ કે ભયથી બધા ડરે છે.

૫ મારે ગુરૂજનોની આજ્ઞાનુસાર અવશ્ય આપની સાથે આવવું જોઇએ. નહિં તો આપના વિયોગથી હું જીવનનો ત્યાગ કરી દઇશ.

૬ વનવાસમાં ખરેખર અનેક પ્રકારનાં દુઃખો છે તે હું જાણુ છું પણ તે જીતેન્દ્રિય નથી હોતા તેવા પુરૂષોજ તેવાં દુઃખને પામે છે,

૭ વનમાં આવવા માટે મને ઉત્સાહ છે. અને આપનું કલ્યાણ થાઓ. વનમાં રહેનાર આપ વીરની સેવા કરવાની મને બહુ ઇચ્છા છે.

૮ હે શુદ્ધાત્મન્ પ્રેમભાવથી મારા ભર્તારની પાછળ ચાલીને હું નિર્દોષ રહીશ. ભર્તા એજ મારૂં દૈવત છે.

૯ મૃત્યુ બાદ પણ આપની સાથેનો હમેશનો સંગમ મને કલ્યાણકારી છે. અને તપસ્વી બ્રાહ્મણો પાસેથી એવી શ્રુતિ સંભળાય છે કે-

૧૦ આ લોકની અંદર વડીલોએ જે સ્ત્રીને જેની સાથે ધર્માનુસાર જળ મુકી એક વાર અર્પણ કરી છે તે પરલોકમાં પણ તેનીજ છે.

एवमस्मात्स्वकां नारीं सुवृत्तां हि पतिव्रताम् ।
नाभिरोचयसे नेतुं त्वं मां केनेह हेतुना ॥
भक्तां पतिव्रतां दीनां मां समां सुखदुःखयोः ।
नेतुमर्हसि काकुत्स्थ समानसुखदुःखिनीम् ॥
यदि मां दुःखितामेवं वनं नेतुं न चेच्छसि ।
विषमग्निं जलं वाहमास्थास्ये मृत्युकारणात् ॥
एवं बहुविधं तं सा याचते गमनं प्रति ।
नानुमेने महाबाहुस्तां नेतुं विजनं वनम् ॥
एवमुक्ता तु सा चिन्तां मैथिली समुपागता ।
स्नापयन्तीव गामुष्णैरश्रुभिर्नयनच्युतैः ॥
चिन्तयन्तीं तदा तां तु निवर्तयितुमात्मवान् ।
ताम्रोष्ठीं स तदा सीतां काकुत्स्थो बहुसान्त्वयत् ॥

सीताना आक्षेपो अने सत्याग्रह.

सान्त्वयमाना तु रामेण मैथिली जनकात्मजा ।
वनवासनिमित्तार्थं भर्तारमिदमब्रवीत् ॥
सातमुत्तमसंविग्ना सीता विपुलवक्षसम् ।
प्रणयाच्चाभिमानाच्च परिचिक्षेप राघवम् ॥
किं त्वामन्यत वैदेहः पिता मे मिथिलाधिपः ।
राम जामातरं प्राप्य स्त्रियं पुरुष विग्रहम् ॥
अनृतं बत लोकोऽयं अज्ञानाद्यदि वक्ष्यति ।
तेजो नास्ति परं रामे तपतीव दिवाकरे ॥
किं हि कृत्वा विषण्णस्त्वं कुतो वा भयमस्ति ते ।
यत्परित्यक्तुकामस्त्वं मामनन्यपरायणाम् ॥
द्युमत्सेनसुतं वीरं सत्यवन्तमनुव्रताम् ।
सावित्रीमिव मां विद्धि त्वमात्मवशवर्तिनीम् ॥

૧૧ જો આમ છે, તો પછી આપ આપની સુવ્રતા અને પતિવ્રતા સ્ત્રીને કયા કારણથી સાથે લઇ જવાનું પસંદ નથી કરતા ?

૧૨ ભક્ત, પતિવ્રતા, દીન, સમાન સુખ દુઃખવાળી મને હે કાકુત્સ્થ આપે સાથે લઇ જવી જોઇએ.

૧૩ મને દુઃખીને જો વનમાં લઇ જવા ઇચ્છતા ન હો તો મૃત્યુવશ થવા માટે હું વિષ, અગ્નિ, અથવા જલનો આશ્રય લઇશ.

૧૪ આવી રીતે અનેક પ્રકારે તેણે રામને સાથે લઇ જવા માટે યાચના કરી. પણ મહાબાહુ રામે તેને તોપણ સાથે વિજન વનમાં લઇ જવા અનુમતિ આપી નહિં.

૧૫ આમ જયારે કહેવામાં આવ્યું ત્યારે સીતા ચિંતામાં ડુબી ગઇ અને નયનમાંથી ઝરતાં ઉષ્ણ અશ્રુથી પૃથ્વીને નહવરાવી મુકી.

૧૬ આવી રીતે–લાલ ઓષ્ટવાલી, ચિંતામાં ગરકાવ થયેલ સીતાને અટકાવવા માટે જિતેન્દ્રીય રામ બહુ સાન્ત્વના કરવા લાગ્યા.

સહ વનવાસના હેતુઓ અને–સીતાનો આગ્રહ.

૧ જનકાત્મજા સીતાને રામ જયારે આ પ્રમાણે સાન્ત્વન કરતા હતા ત્યારે સીતાએ વનવાસ નિવાસાર્થે નિચે પ્રમાણે કહ્યું

૨ અતીવકાંપતી, ઘણાજ પ્રેમ અને અભિમાનથી વિશાળ વક્ષસ રામના ઉપર નીચે પ્રમાણે આક્ષેપો કરવા લાગી.

૩ આપના જેવા પુરૂષ શરીરધારી સ્ત્રીને જમાઇ કરવામાં જનકરાજાએ શું જોયું હશે ?

૪ દુનીયા હવે એમ કહેશે કે તપતા સૂર્ય સમાન રામમાં તેજ છે તો તે હવે હું શામાટે જુઠું નહિ માનીશ ?

૫ આપને શામાટે વિશાદ થાય છે? આપને શું ભય છે કે જેથી કરી તમે અનન્યપરાયણા મને છોડીને વનમાં જવા ઉત્સુક થયા છો ?

૬ આપના આત્માને વશ વર્તનારી–ધુમત્સેનના વીર પુત્ર સત્યવાનની ઇચ્છાનુસાર વર્તનારી સાવિત્રી જેવીજ મને જાણો.

न त्वहं मनसाऽप्यन्यं दृष्टास्मि त्वदृतेऽनघ ।
त्वया राघव गच्छेयं यथान्या कुलपांसनी ॥
स मामनादाय वनं न त्वं प्रस्थितुमर्हसि ।
*तपो वा यदि वाऽरण्यं स्वर्गो वा मे त्वया सह ॥
न च मे भविता तत्र कश्चित्पथि परिश्रमः ।
पृष्ठतस्तव गच्छन्त्या विहारशयनेष्विव ॥
कुशकाशशरेषीका ये च कण्टकिनो द्रुमाः ।
तूलाजिनसमस्पर्शा मार्गे मम सह त्वया ॥
महावातसमुद्भूतं यन्मामवकरिष्यति ।
रजो रमण तन्मन्ये परार्घ्यमिव चन्दनम् ॥
शाद्वलेषु यदा शिश्ये वनान्तर्वनगोचरा ।
कुथास्तरणयुक्तेषु किं स्यात्सुखतरं ततः ॥
पत्रं मूलं फलं यत्तु अल्पं वा यदि वा बहु ।
दास्यसे स्वयमाहृत्य तन्मेऽमृतरसोपमम् ॥
न मातुर्न पितुस्तत्र स्मरिष्यामि न वेश्मनः ।
आर्तवान्युपभुञ्जाना पुष्पाणि च फलानि च ॥
*यस्त्वया सह स स्वर्गो निरयो यस्त्वया विना ।
इति जानन्परां प्रीतिं गच्छ राम मया सह ॥
इमं हि सहितुं शोकं मुहूर्तमपि नोत्सहे ।
किं पुनर्दशवर्षाणि त्रीणि चैकं च दुःखिता ॥
इति सा शोकसंतप्ता विलप्य करुणं बहु ।
चुक्रोश पतिमायस्ता भृशमालिङ्ग्य सस्वरम् ॥
तस्याः स्फटिकसंकाशं वारि संतापसंभवम् ।
नेत्राभ्यां परिसुस्राव पङ्कजाभ्यामिवोदकम् ॥

૭ હું મનથી પણ આપના સિવાય, હે અનઘ! પરનું ચિંતન દર્શન અન્ય કુલકલંકીની સ્ત્રીઓની માફક કદી પણ કરનાર નથી. જેથી હું જરૂર આપની સાથે આવીશ.

૮ એટલા વાસ્તે મને સાથે લીધા વિના આપથી જવાશેજ નહિ. તપ અથવા અરણ્ય. સ્વર્ગ કે જે કંઇ હોય તે બધું મને આપની સાથેજ છે

૯ વિહાર અને શયનમાં પણ આપને અનુસરીશ અને મને માર્ગમાં કોઇ પણ પ્રકારનો પરિશ્રમ નહિ થાય.

૧૦ કુશ કાશ, સરકંડા, અને કાંટાવાળા વૃક્ષો, બધા આપની સાથે રહેવાથી મને માર્ગમાં રૂ સમાન સ્પર્શ વાળા થઇ જશે.

૧૧ મહા તોફાનથી ઉડતી મારાપરની રજને હું રતિરમણનો ચંદન લેપ સમજીશ.

૧૨ વનમાં જઇને જ્યારે લીલાછમ ઘાસના ગાલીચાવાળા બીછાનાપર સુઇશ, તો પછી કોમળ અને સુંદર બીછાનાથી શું વિશેષ સુખ મળવાનું હતું ?

૧૩ જે કંઇ થોડાં ઘણાં પત્ર. પુષ્પ, ફળ વીગેરે આપસ્વયં લાવીને આપશો તે મને અમૃત સમાન છે.

૧૪ રૂતુ રૂતુના ફળ પુલોને: ઉપભોગ કરતી હું વનમાં મા કે બાપ કે ઘરમાંથી કોઇને સ્મરણ નહિં કરૂં.

૧૫ વિશેષ શું કહું, આપનો સહવાસ એજ મારે મન સ્વર્ગ છે. આપનો વિયોગ એજ મારેમન નર્ક છે. આપ એ જાણો છો તો પછી હે રામ, મને સાથે જરૂર લઇ જાઓ.

૧૬ આ શોકને હે રામ! એક મુહુર્ત પણ સહન કરવા હું શક્તિવાન નથી તો પછી દશને ત્રણ તેર ને એક ચૌદ વર્ષના દુઃખોનીતો વાતજ શી કરવી!

૧૭ આવી રીતે સીતાએ શોકથી સંતપ્ત થઇ બહુજ કરૂણ રૂદન કર્યું, અને પતિને ગાઢ આલિંગન કરી સશબ્દ (સ્પષ્ટ) રોવા લાગી.

૧૮ અને કમળનાં જલની માફક સંતાપથી ઉત્પન્ન થયેલ સ્ફટીક તુલ્ય અશ્રુપ્રવાહ તેનાં નેત્રકમળમાંથી વહેવા લાગ્યો.

प्रयत्ननी सफळता अने प्रेमनुं प्राबल्य.

तां परिष्वज्य बाहुभ्यां विसंज्ञामिव दुःखिताम् ।
उवाच वचनं रामः परिविश्वासयंस्तदा ॥
न देवि तव दुःखेन स्वर्गमप्यभिरोचये ॥
तव सर्वमभिप्रायं आविज्ञाय शुभानने ।
वासं न रोचयेऽरण्ये शक्तिमानपि रक्षणे ॥
तत्सृष्टासि मया सार्धं वनवासाय मैथिलि ।
न विहातुं मया शक्या कीर्तिरात्मवता यथा ॥
न खल्वहं न गच्छेयं वनं जनकनन्दिनी ।
*वचनं तन्नयति मां पितुः सत्योपबृंहितम् ॥
एष धर्मश्च सुश्रोणि पितुर्मातुश्च वश्यता ।
अतश्च तं व्यतिक्रम्य नाहं जीवितुमुत्सहे ॥
न सत्यं दानमानौ वा यज्ञो वाप्याप्तदक्षिणः ।
तथा बलकराः सीते ! यथा सेवा पितुर्मता ॥
स्वर्गो धनं वा धान्यं वा विद्याः पुत्राः सुखानिच ।
गुरुवृत्त्यनुरोधेन न किञ्चिदपि दुर्लभम् ॥
देवगन्धर्वगोलोकान् ब्रह्मलोकांस्तथापरान् ।
प्राप्नुवन्ति महात्मानो मातापितृपरायणाः ॥
*स मां पिता यथा शास्ति सत्यधर्मपथे स्थितः ।
तथा वर्त्तितुमिच्छामि स हि धर्मः सनातनः ।
मम सन्नामतिः सीते नेतुं त्वां दण्डकावनम् ।
वसिष्यामीति सा त्वं मामनुयातुं सुनिश्चिता ॥
सा हि सृष्टानवद्याङ्गि वनाय मदिरेक्षणे ।
अनुगच्छस्व मां भीरु सहधर्मचरी भव ॥

પ્રયત્નની સફળતા અને પ્રેમનું પ્રાબલ્ય.

૧ દુઃખિત અને બેહોશ થઇ ગયેલ સીતાને આ વખતે વિશ્વાસ પેદા કરતાં બાહુથી આલિંગન કરી રામ નીચે પ્રમાણે બોલ્યા.

૨ રામે કહ્યું-હે દેવિ તારા દુઃખથી હું સ્વર્ગને પણ પસંદ કરતો નથી.

૩ તારો પૂર્ણ અભિપ્રાય નહિ જાણતો હોવાને લીધે તારૂં રક્ષણ કરવાને સમર્થ હોવા છતાં પણ વનમાં લઇ જવાનું હું પસંદ કરતો ન હોતો.

૪ હવે તો તું વનવાસમાં સાથે આવવા તૈયાર થઇ છે જેથી ઉચ્ચ હૃદયના મનુષ્યો જેમ કીર્તીને છોડી શકતા નથી તેમ તને ત્યાગી હું જઇ શકુ તેમ નથી.

૫ હે જનકની પુત્રી ! હું વનમાં ન જાઉ એ તો બનવાનું જ નથી. પિતાનું સત્યથી પુષ્ટ થયેલ વચન મને વનમાં લઇ જાય છે.

૬ હે સુશ્રોણી માતા પિતાને આધીન રહેવું એ ધર્મ છે તેથી તેનું વ્યતિક્રમણ કરી હું જીવી પણ ન શકું.

૭ સત્ય, દાન, માન, તથા પૂર્ણ દક્ષિણા યુક્તયજ્ઞ પણ એવું બલ આપવાવાળા નથી કે જે પિતૃઓની હિતકરી સેવા આપી શકે છે.

૮ સ્વર્ગ, ધન. ધાન્ય, વિદ્યા, પુત્રો અને સર્વ પ્રકારના સુખો એમાંનું કંઇપણ વડીલોની ઇચ્છાનુસાર વર્તનારને દુર્લભ નથી.

૯ દેવ, ગાન્ધર્વ, ગોલોક, બ્રહ્મલોક અને એવી બીજી પદ્વી માતૃપિતૃપરાયણ પુરૂષો પામે છે.

૧૦ સત્ય ધર્મપથપર સ્થિત પીતા મને જે જે આજ્ઞા કરે છે, તે પ્રમાણે હું વર્તવા ઉત્સુક છું, કારણ કે તે સનાતન ધર્મ છે.

૧૧ તને દંડકવનમાં લઇ જવા મારી ઇચ્છા હતી, અને તમે "હું સાથેજ રહિશ." એમ કબુલ્યું છે અને દૃઢ નિશ્ચય કર્યો છે,

૧૨ અને વનમાં જવા માટે તૈયાર થયેલ છો તો હે સુંદરી ચાલો મારી સાથે. "**सहधर्मचरीभव**" સહધર્માચરણી થાઓ.

सर्वथा सदृशं सीते मम स्वस्य कुलस्य च ।
व्यवसायमनुक्रान्ता कान्ते त्वमतिशोभनम् ॥

आरभस्व शुभश्रोणि वनवासक्षमाः क्रियाः ।
नेदानीं त्वदृते सीते स्वर्गोऽपि मम रोचते ॥

ब्राह्मणेभ्यश्च रत्नानि भिक्षुकेभ्यश्च भोजनम् ।
देहि चाशंसमानेभ्यः संत्वरस्व च माचिरम् ॥

भूषणानि महार्हाणि वरवस्त्राणि यानि च ।
रमणीयाश्च ये केचित् क्रीडार्थाश्चाप्युपस्कराः ॥

शयनीयानि यानानि मम चान्यानि यानि च ।
देहि स्वभृत्यवर्गस्य ब्राह्मणानामनन्तरम् ॥

अनुकूलं तु सा भर्तुः ज्ञात्वा गमनमात्मनः ।
क्षिप्रं प्रमुदिता देवी दातुमेव प्रचक्रमे ॥

ओ३म् शान्तिः ३

૧૩ સીતા ! સર્વ રીતે મારા અને તમારા કુળને યોગ્યજ આ વ્યવસાય છે, કાન્તે, એ અતિ શોભા આપવા વાળું છે.

૧૪ વનવાસને યોગ્ય ક્રીયાઓનો આરંભ કરો, હવે તારા વિના મને સ્વર્ગ પણ રૂચતું નથી.

૧૫ પ્રશંસા કરનાર બ્રાહ્મણોને રત્ન, ભિક્ષુકોને ભોજન, આપો, અને હવે વખત નહિ લગાડો, જલદી તૈયારી કરો.

૧૬ મહાન કિંમતિ આભૂષણો, સુંદર વસ્ત્ર, ક્રીડા માટેના સુંદર સાધનો વિગેરે જે કંઇ હોય તે.

૧૭ મારી સુવા બીછાવવાની વસ્તુઓ અને બીજું જે જે કંઇ હોય તે બધું બ્રાહ્મણોને આપી રહ્યા પછી ભૃત્યવર્ગને આપો.

૧૮ પોતાને વનમાં સાથે તેડી જવામાં સ્વામીની અનુજ્ઞા છે, એમ જાણી દેવી સીતા, પ્રમુદિત થઇ અને તરતજ દાન આપવા લાગી.

ओ३म् शान्तिः ३





[illegible]

[illegible]